# પ્રકરણ-૨ (નિયમ સંગ્રહ-૧)

## ૧. VISION

To provide highly desirable knowledge based services to protect and enrich the Cultural Heritage of Gujarat.

## ૨. ઉદ્દેશ્ય-

રાજયમાં યુવા પ્રવૃતિઓનો વ્યાપ વધારવા, રમતગમત ક્ષેત્રમાં રાજયને આગળ ધપાવવા, તેમજ સાંસ્કૃતિક પ્રવૃતિઓને વેગ આપવો તેમજ ભાષા તથા સાહિત્યને ઉત્તેજન આપવું.

## ૩. વિભાગનું વહીવટી માળખું

વિભાગનું નામઃ- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

| |
|---|
| **વિભાગનું સરનામુઃ-** બ્લોક નં.૨, ૮મો માળ, સચિવાલય, ગાંધીનગર |
| **કચેરી શરૂ થવાનો સમયઃ-** ૧૦-૩૦ કલાકે |
| **કચેરી બંધ થવાનો સમયઃ-** ૧૮-૧૦ |

**તમામ રવિવાર, બીજો અને ચોથો શનિવાર તથા જાહેર રજાના દિવસે કચેરી બંધ રહેશે.**

**વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ**

૧. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૨. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૩. નિયામકશ્રી, પુરાતત્વ, અભિલેખાગાર ભવન, સેકટર-૧૭, ગાંધીનગર.

૪. નિયામકશ્રી, ગ્રંથાલય, જુના વિધાનસભા બિલ્ડીંગ, સેકટર-૧૭, ગાંધીનગર.

૫. નિયામકશ્રી, અભિલેખાગાર, અભિલેખાગાર ભવન, સેકટર-૧૭, ગાંધીનગર.

૬. નિયામકશ્રી, સંગ્રહાલય, વડોદરા

૭. મુખ્ય સંપાદકશ્રી, ગુજરાત જિલ્લા સર્વ સંગ્રહ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

૮. ભાષા નિયામકશ્રીની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## <u>વિભાગનાં નિયંત્રણ હેઠળની અકાદમીઓ</u>

૧. સંગીત નાટક અકાદમી

૨. લલિતકલા અકાદમી

૩. ગુજરાતી સાહિત્ય અકાદમી

- હિન્દી સાહિત્ય અકાદમી
- ઉર્દુ સાહિત્ય અકાદમી
- સિન્ધી સાહિત્ય અકાદમી
- સંસ્કૃત સાહિત્ય અકાદમી
- કચ્છી સાહિત્ય અકાદમી

**૪. વિભાગની મુખ્ય પ્રવૃત્તિઓ**

## <u>૮. વિભાગ હસ્તકની પ્રવૃતિઓ અને તેનું વહીવટી માળખુ</u>

૮.૧ રાજયમાં યુવા પ્રવૃતિઓનો વ્યાપ વધારવા, રમતગમત ક્ષેત્રમાં રાજયને આગળ ધપાવવા તેમજ સાંસ્કૃતિક પ્રવૃતિને વેગ આપવા તા.૧૭-૧૨-૯૦ થી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ એક અલગ વિભાગ તરીકે અસ્તિત્વમાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગના તા.૫.૮.૯૭ના જાહેરનામાથી વિષયોની પુનઃ ફાળવણી અન્વયે વિભાગ હસ્તક કેટલાક નવા વિષયો આવતાં વિભાગનું નવુ નામ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, સંગ્રહાલય,પુરાત્વ, ગ્રંથાલયો, દફતરો અને હસ્તપત્રો, શતાબ્દી ઉજવણી અને સ્મારકો તથા અકાદમીઓ અંગેની કામગીરી સંભાળે છે. સરકારે નકકી કરેલ કામકાજના નિયમો હેઠળ આ વિભાગ નીચે દર્શાવેલ વિષયો અંગેની કામગીરી સંભાળે છે.

૧. યુવા કલ્યાણ

૨. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને રમતગમત, રાજયની મુલાકાત લેતાં સાંસ્કૃતિક મંડળો વગેરે સહિત મનોરંજનો અને વિશ્રાંતિ સમયની પ્રવૃત્તિઓ.

૩. સંગ્રહાલયો

૪. સંસદે કાયદાથી રાષ્ટ્રીય અગત્યના જાહેર કર્યા હોય તો તે સિવાયના પ્રાચીન અને ઐતિહાસિક સ્મારકો તથા પુરાવશેષસ્થાનો અને અવશેષો.

૫. રાજય દ્વારા નિયંત્રિત થતાં કે આર્થિક સહાય મેળવતાં ગ્રંથાલયો અને આ પ્રકારની બીજી સંસ્થાઓ, ગ્રંથાલયોની નોંધણી.

૬. દફતરો અને હસ્તપત્રો.

૭. (અ) શતાબ્દી ઉજવણી અને સ્મારકો

(બ) અકાદમીઓ

૧. સંગીત નાટક અકાદમી

૨. લલિતકલા અકાદમી

૩. ગુજરાતી સાહિત્ય અકાદમી

- હિન્દી સાહિત્ય અકાદમી
- ઉર્દુ સાહિત્ય અકાદમી
- સિન્ધી સાહિત્ય અકાદમી
- સંસ્કૃત સાહિત્ય અકાદમી
- કચ્છી સાહિત્ય અકાદમી

૮. (૧) વિભાગના વહીવટ નિયંત્રણ નીચેના બધા રાજયપત્રિત અધિકારીઓ અને બિનરાજયપત્રિત સરકારી કર્મચારીઓની નિમણૂંકો, પદ, નિયુકિતઓ, બદલી, બઢતી, વર્તણૂંક, રજા, મંજૂરી, પેન્શન વગેરેને લગતી તમામ બાબતો.

(૨) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને પેન્શન મંજૂર કરવાને લગતી તમામ બાબતો.

(૩) વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળના સચિવાલય કેડરના વર્ગ-૨ના અધિકારીઓને રજા મંજૂર કરવાને લગતી તમામ બાબતો.

૯. રાજયના હેતુઓ માટે રાજયમાં નિહિત થયેલા કે તેના કબજા હેઠળના અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગને સોંપાયેલા કામ જમીન અને મકાનો.

૧૦. આ સૂચિમાંની કોઇપણ બાબતના હેતુઓ માટે તપાસ અને આંકડા.

૧૧. કોઇ કોર્ટમાં લેવાતી ફી સિવાય આ સૂચિમાંની બાબતો માટેની ફી.

સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગે ઘડેલ નીતિઓ યોજનાનાં અમલ પરત્વે ખાતાના વડાઓ એમને સુપ્રત કરેલી સત્તાની અંદર રહી દેખરેખ રાખે છે. અને તેમની સત્તામાં ન આવતી બાબતો અંગે સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ પાસેથી હુકમો મેળવે છે.